# વન વિભાગના ૧૦ નાયબ વન સંરક્ષકોની બદલી

| નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| મુકેશકુમાર વી. પરમાર | નાયબ વન સંરક્ષક રીસર્ચ ડીવીઝન, ગાંધીનગર | નાયબ વન સંરક્ષક મોનીટરીંગ, ગાંધીનગર |
| ડૉ. સુદીપકુમાર | નાયબ વન સંરક્ષક નર્મદા ડીવીઝન | નાયબ વનસંરક્ષક રીસર્ચ ડીવીઝન, ગાંધીનગર |
| ડૉ. કે. શશીકુમાર | નાયબ વન સંરક્ષક વ્યારા ડીવીઝન, વ્યારા | નાયબ વન સંરક્ષક નર્મદા ડીવીઝન, રાજપીપળા |
| એસ.જે. પંડીત | નિયામક સકરબાગ, જુનાગઢ | નાયબ વનસંરક્ષક નળસરોવર પક્ષી અભ્યારણ્ય, સાણંદ |
| કે.ટી. પરમાર | નાયબ વન સંરક્ષક ગાંધીનગર | નાયબ વન સંરક્ષક બનાસકાંઠા |
| શ્રીમતી રાજ સંદીપ | નાયબ વનસંરક્ષક નર્મદા સામાજીક વનીકરણ, રાજપીપળા | નાયબ વન સંરક્ષણ વન સંરક્ષણ પ્રોટેકશન, ગાંધીનગર |
| પી.એ. વીહોલ | નાયબ વન સંરક્ષક બારીયા ડીવીઝન, દેવગઢબારીયા | નાયબ વન સંરક્ષક કચ્છ |
| આનંદકુમાર | નાયબ વન સંરક્ષક ડાંગ આહવા | નાયબ વન સંરક્ષક વ્યારા ડીવીઝન, વ્યારા |
| જે.એલ. ઝાલા | નાયબ વન સંરક્ષક મહીસાગર ડીવીઝન, લુણાવાડા | નાયબ વન સંરક્ષક બારૈયા ડીવીઝન, બારૈયા |
| એ.જે. અમીન | નાયબ વન સંરક્ષક વાઈલ્ડલાઈફ ટ્રેઈનીંગ ડીવી., ગાંધીનગર | નાયબ વન સંરક્ષક ગાંધીનગર |



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આજે પ્રથમ જ્યોર્તિલિંગ ભગવાન શ્રી સોમનાથના શ્રદ્ધાપૂર્વક દર્શન, પૂજન અને ધ્વજારોહણ કરી સૌ માટે મંગલ કામના કરી હતી. મહાદેવની પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની ઉન્નતી અને સર્વાંગી પ્રગતિની પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સોમવતી અમાસના પવિત્ર દિવસે અને શ્રાવણ માસના અંતિમ સોમવારે સોમનાથ દાદાની આરતીનો પણ લાભ લીધો હતો. મુખ્યમંત્રીશ્રી સાથે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રમણભાઈ વોરા, ગૃહ રાજયમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, પાણી પૂરવઠા રાજ્યમંત્રી શ્રી જશાભાઈ બારડ, પ્રવાસન નિગમના ડીરેક્ટર શ્રી ઝવેરીભાઈ ઠકરાર, નગરપાલિકા પ્રમુખ શ્રી જગદીશભાઈ ફોફંડીએ પણ આરતીનો લાભ લીભો હતો. મુખ્યમંત્રીશ્રીએ તેમના ધર્મપત્ની શ્રીમતી અંજલીબેન રૂપાણી સાથે વિવિધ પ્રકારના દ્રવ્યો, ગંગાજળથી ભગવાન શ્રી સોમનાથને અભિષેક કર્યા હતા. સોમનાથ મંદિરના મુખ્ય પૂજારી શ્રી ધનંજયભાઈ દવે અને વિપ્રગણ દ્વારા શાસ્ત્રોક્ત-વેદોક્ત મંત્રોગાનથી સમગ્ર વાતાવરણમાં અનોખા પ્રકારની દિવ્યતા પ્રસરી ગઈ હતી. સોમનાથ મંદિર ખાતે મુખ્યમંત્રીશ્રીનું સોમનાથ ટ્રસ્ટ વતી જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડાએ સ્વાગત કર્યુ હતુ. જિલ્લા કલેકટરશ્રી ડૉ.અજયકુમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અશોક શર્મા, જિલ્લા પોલીસ વડા શ્રી હીતેષ જોયસરે પણ સોમનાથ દાદાની આરતીનો લાભ લીધો હતો.

# બ્રાહ્મણોની અવગણના હવે બ્રહ્મ સમાજ સાંખી નહી લે

ગાંધીનગર,તા.૨૧

ગુજરાતમાં બ્રાહ્મણોને થતા અન્યાય સામે બ્રહ્મસમાજ સંગઠિત થઈ ગયો છે. હવે કોઈપણ રાજકીય પક્ષ કે સંગઠન બ્રાહ્મણની સામે બ્રાહ્મણ લડાવવાનું વિચારશે તો, તેમને સબક શીખવાડતા બ્રહ્મસમાજ અચકાશે નહી. બ્રાહ્મણોની અવગણના હવે બ્રહ્મસમાજ સાંખી નહી લે એમ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ ચૈતન્ય શંભુ મહારાજ અને મહામંત્રી યજ્ઞેશ દવેએ જણાવ્યું હતું. અમદાવાદમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ(રાજયકક્ષા) દ્વારા ગઈકાલે ૬૫૦થી વધુ ભૂદેવોને બ્રહ્મ ગૌરવ એવોર્ડ આપી વર્લ્ડરેકોર્ડ બનાવતાં સમારંભમાં ગુજરાતમાં વસતા કર્મકાંડી બ્રાહ્મણો માટે ખાસ મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી હતી, સાથે સાથે ગુજરાતના કર્મકાંડી બ્રાહ્મણોને એક લાખ રૂપિયાના વીમાકવચની સમાજ તરફથી જાહેરાત કરવામાં આવી હતી. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ ચૈતન્ય શંભુ મહારાજ અને મહામંત્રી યજ્ઞેશ દવેએ વધુમાં જણાવ્યું હતું કે, એકસાથે ૬૫૦ જેટલા ભૂદેવોનું સન્માન એ ઐતિહાસિક ઘટના છે અને આ બ્રહ્મ ગૌરવ એવોર્ડ સમારંભથી બ્રહ્મ સમાજની એકતામાં વધારો થયો છે. સારા અને સાચા વર્તનનું ભલે કોઈ આર્થિક મૂલ્ય ના હોય પરંતુ તેનું મૂલ્ય સમાજ અવશ્ય કરે છે. વર્તમાન સમયમાં બ્રહ્મસમાજની જે અવગણના થઈ રહી છે, તેની સામે આ પ્રકારના કાર્યક્રમોથી બ્રહ્મસમાજે પોતાની સંગઠનશકિતનો પરિચય કરાવ્યો છે. એકબીજાના સહિયારા પુરુષાર્થથી સમાજના વિકાસકાર્યોને વેગ મળશે અને સમાજની ઉન્નતિ થશે. જે બ્રાહ્મણની સાથે, બ્રાહ્મણ તેની સાથે તે સૂત્રને આ કાર્યક્રમથી મજબૂતી મળી છે.



આ પ્રસંગે બ્રહ્મઅગ્રણી જગત શુકલ, બ્રહ્મ યુવા પ્રમુખ હેમાંગ રાવલ સહિતના મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. શહેરના પંડિત દીનદયાળ હોલ ખાતે ગઈકાલે યોજાયેલા આ બ્રહ્મ ગૌરવ એવોર્ડ સમારોહમાં ૬૫૦થી વધુ બ્રાહ્મણોનું ખાસ મેડલ અને પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યુ હતું. જયારે ૬૦ ભૂદેવોને બ્રહ્મ ગૌરવ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.



સચિવાલયમાં સત્યનારાયણની કથા : સચિવાલય સંકુલમાં સુરક્ષાકર્મીઓ દ્વારા શ્રાવણ મહિનાના અંતિમ દિવસે પરંપરાગત માહોલમાં ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરાયું હતું. ઉચ્ચ અધિકારીઓ અને મહાનુભાવોની હાજરીમાં યોજાયેલી કથાથી સંકુલમાં ભક્તિનો માહોલ છવાયો હતો.

# મોડાસાથી દર વર્ષની ૮૦૦ પદયાત્રી સંઘનુ પોસાલીયા ખાતે ભવ્ય સ્વાગત

રામદેવરા(રણુજા) જતા ૮૦૦ પદયાત્રીઓનો સંઘ આજરોજ સવારે શિહોહી-પાલી રોડ ઉપર પોસાલીયા ખાતે આવી પહોંચતા ગુજરાતી વિસામામાં પોસાલીયા સરપંચ રાજેશકુમાર માલી, મુંબઈ સ્થિત સ્થાનીક વિનોદભાઈ શેઠ, ગ્રામ અગ્રણી હમીરસિંહ રાવ, કિશોરસિંહ દેવડા, બિટુભાઈ શાહ, લાડુરામ માલી, કાલુરામ મહારાજ અને આગેવાનો દ્વારા શાલ તેમજ ફુલહારથી ભવ્ય સ્વાગત કરાયું હતું.

આ પ્રસંગે ભંડારા સંચાલક પ્રભુદાસ પટેલે ૩૩મા વર્ષે પણ ગુજરાતમાંથી રામદેવરા પદયાત્રા સંઘ સાથે ઉપસ્થિત પદયાત્રી સંઘના આયોજક મહંત પૂ. ધર્મેન્દ્રગિરી યોગી, મહંત પૂ. જશવંતગિરી યોગીજી અને સહ ઉપસ્થિત સાધુ સંતોનું સરપંચ સહિત ગ્રામજનોએ સ્વાગત કાર્યપછી પ્રાસંગિક ઉદબોધનમાં તજણાવ્યું હતું કે ૩૩ વર્ષપહેલાં મોડાસાના સંત મહંત ચંદુનાથ યોગીજીએ શરૂ કરેલ રામદેવરા પદયાત્રા સંઘ ૫ વર્ષ અગાઉ સદગતના દેહવીલય પછી પણ દર વર્ષે આયોજિત કરી બન્ને ભાઈઓ દ્વારા સફળતાથી સંચાલન કરાઈ રહ્યું છે. દેવકરણભાઈ પટેલ, ગજાનંદભાઈ પટેલ વગેરેએ પદયાત્રીઓની સ્વાગત કર્યું હતુ.





# કોંગ્રેસના બાગી ધારાસભ્યો વિધિવત્ ભાજપમાં જોડાશે

**સૌથી પહેલાં રાઘવજી, હકુભા જામનગરના કાર્યક્રમ ખાતે ભાજપમાં જોડાશે : ત્યારબાદ જ બીજા ધારાસભ્યો જોડાશે**

કોંગ્રેસ સાથેનો છેડો ફાડીને બેઠેલા બળવાખોર ધારાસભ્યો હવે આગામી દિવસોમાં ભાજપમાં સત્તાવાર રીતે જોડાઈ જશે. કોંગ્રેસમાંથી છેડો ફાડીને આવેલા ધારાસભ્યોને આગામી દિવસોમાં વિવિધ કાર્યક્રમો દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિતના મહાનુભાવોની હાજરીમાં ભાજપમાં વિધિવત્ રીતે આવકારી સામેલ કરાશે અને ભાજપનો કેસરિયો ખેસ પહેરાવાશે. સૌપ્રથમ તા. ૨૩મીએ જામનગર ખાતેના કાર્યક્રમમાં બળવાખોર રાઘવજી પટેલ અને હકુભા જાડેજા અનેક કોંગ્રેસી કાર્યકર્તાઓ સાથે ભાજપમાં જોડાશે. આજે શ્રાવણ માસના છેલ્લા સોમવાર અને સોમવતી અમાસના પાવન દિવસે સોમનાથ મહાદેવના દર્શન કર્યા બાદ રાજકોટ આવેલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે સ્પષ્ટ કર્યું હતું કે, કોંગ્રેસનો સાથ છોડી દેનારા તમામ ધારાસભ્યોને ભાજપ પ્રેમ અને આદર સાથે પક્ષમાં સમાવશે. વિવિધ કાર્યક્રમો મારફતે કોંગ્રેસમાંથી આવેલા આ ધારાસભ્યોની સાથે કોંગ્રેસના કાર્યકર્તાઓ પણ ભાજપમાં જોડાશે. આ જ પ્રકારે કોંગ્રેસમાંથી રાજીનામુ આપનાર ધારાસભ્ય અમિત ચૌધરી આવતા સોમવારે માણસા ખાતે પોતાના સમર્થકો સાથે ભાજપમાં જોડાય તેવી શકયતા છે. તદુપરાંત, કોંગ્રેસના બાગી ધારાસભ્યો ભોળાભાઈ ગોહિલ, ધર્મેન્દ્રસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ વાઘેલા, ભોળાભાઈ ગોહિલ, સી.કે.રાઉલજી અને કરમશી પટેલ પણ આગામી દિવસોના કાર્યક્રમો નક્કી થાય તે મુજબ ભાજપમાં જોડાશે. દરમ્યાન મુખ્યમંત્રીએ કોંગ્રેસના ધારાસભ્યોની દિલ્હીમાં કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથેની મુલાકાતને હાસ્યાસ્પદ ગણાવી હતી.



સેક્ટર-૨૭ શિવ-શક્તિ મંદિર ખાતે શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે મહાઆરતીનું આયોજન કરાયું હતું.

## વરસાદી માહોલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આકાશમાં ફરી વરસાદી વાદળોનો ઘેરાઈ આવતા હળવા વરસાદી ઝાપટા દિવસ દરમિયાન વરસ્યા હતા. બપોરના સમયે નગરજનોએ અસહ્ય ઉકળાટ અનુભવ્યો હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૫ ડી ગ્રી લઘુત્તમ તાપમાન ૨૫ ડી ગ્રી અને વાતવરણમાં ભેજનુ પ્રમાણ ૯૪ ટકા રહયુ હતુ. સાંજે પણ ગાજવીજ વચ્ચે વરસાદી વાતાવરણ યથાવત રહયુ હતુ. શહેરમાં આજે પણ વરસાદી વાદળો યથાવત રહેતા નગરજનો બેચેની અનુભવી રહયા હતા. વરસાદના લીધે સેકટરોમાં ઉદભવેલી વરસાદી સમસ્યાઓ સ્થાનિક રહીશો માટે શિરદર્દ સમાન બની છે. રહીશોના ઘર આંગણે ગંદકીના ઢગ વચ્ચે વરસાદી પાણીનો ભરવો થતા મચ્છર ઉત્તપત્તિ સ્થાનો પણ વધતા રોગચાળો જોર પકડે તેવી દહેશત છે.

## વેગેલી બનાવી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ પછી નવા નોંધાયેલા મતદારોની ચકાસણી, સુધારા અરજીઓ જે મળી છે તે બધાની કામગીરી પણ ઝડપથી પુરી કરવા માટે તાકીદ કરી દેવાઈ છે. ૨૫મી સપ્ટેમ્બરના રોજ પૂરવણી મતદાર યાદી જાહેર કરી દેવાશે તેમ પણ જાણવા મળેલ છે.

મતદારયાદીમાં નવા નામ જેમના દાખલ થયા છે તેમના વૉટર આઈડી કાર્ડ પણ પાંચમી ઓક્ટો. સુધીમાં વિતરણ થઈ જાય તે રીતે આખુ આયોજન કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

રાજ્યમાં ચૂંટણીને લગતી ખાલી જગ્યાઓ ભરવા માટેની સૂચના આપી દેવામાં આવી છે તેમજ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી એક જગ્યાએ ફરજ બજાવતા અધિકારીઓની બદલી કરવા માટે પણ સરકારને જણાવી દેવામાં આવ્યુ છે. આમ પંચ દ્વારા હવે ચૂંટણી માટેની કવાયત વેગીલી બનાવવામાં આવી છે.

## કન્ટ્રોલરને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધુ પીક પોકેટીંગના કેસમાં ગઠીયાઓને ઝડપી લીધા છે. મુસાફરો માટે સુરક્ષા કવચ સમાન પુરવાર થયેલા ધર્મેન્દ્ર પંડયાએ ડેપો સંકુલમાં મુસાફરોની સલામતી ઉપરાંત ડેપોમાં સ્વચ્છતા અભિયાનને વેગ મળે તે માટે પણ ઉમદા કામગીરી કરી છે. અગાઉ પણ અન્ય સંસ્થા દ્વારા ધર્મેન્દ્ર પંડયાનુ ત્રણ વાર સન્માન કરવામાં આવ્યુ છે. જયારે મુસાફરોની સલામતીના મુદ્દે ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે પણ તેમને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યુ છે. કલોલ ખાતે સ્વાતંત્ર દિવસની ઉજવણીના પર્વ પ્રસંગે તેમને જિલ્લા કલેકટર સતીષ પટેલની હાજરીમાં પ્રશસ્તિપત્ર પણ એનાયત કરવામાં આવ્યો હતો. ટ્રાફિક કન્ટ્રોલર ધર્મેન્દ્ર પંડયાની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવાતા ડેપો સંકુલના કર્મચારીઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

## હા, સાહેબ.... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"આમાં ખબર પાડવા જેવું છેય શું...? બહુ સીધુ સાદુ ગણિત છે કે ભાજપની બાજી કેવી રીતે પલટાઈ જાય..?!"

"એટલે... એટલે... એટલે...?!"

"બાપુ ત્રીજો મોરચો કરે... થોડો કોંગ્રેસ સામે, થોડો ભાજપ સામે બળાપો કાઢે... અને ભાજપ વિરોધી મતો કોંગ્રેસમાં જતાં અટકે અને તેમના ખાતામાં જમા થાય..! આ સીધુ સાદુ ગણિત છે."

"કેવું પડે સાહેબ... કેવું પડે... સમજાઈ ગયું બધુ હોં..! ટુંકમાં જે ખેલ ખેલાય તે જોવાનો અને જીતે તેને માટે જય જયકાર કરવાનો... એવું જ ને..?!"

"હા... એવું જ અને એમ જ... વર્ષોથી ચાલે છે... અને વર્ષો સુધી ચાલશે... જ્યાં સુધી મારા અને તમારામાં સંવેદનશીલતા નહીં આવે... નિષ્પક્ષતા નહીં આવે... નિર્ભયતા નહિ આવે... ત્યાં સુધી આપણે ભોગવે જ છુટકો છે..!!"

"એટલે જ કહું છું કે જાગ્યા ત્યારથી સવાર... આ રાજકારણના રંગને ગંભીરતાથી લઈશુ તો કલ્યાણરાજની ગાંધી કલ્પનાને સાકાર કરી શકીશુ..."

- નિમિત્ત માત્ર

## નિવિલીકરણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જૂથ અને ખાસ કરીને પનીરસેલ્વમ જૂથ ભાજપના સંપર્કમાં હોવાની વિગત પણ મળી છે. એક થતાં પહેલા અન્નાદ્રમુકના આ બંને જૂથ દ્વારા ચૂંટણી પ્રતિક બે પત્તીના નિશાનને મેળવવા માટે તમામ પ્રયાસ કર્યા હતા જે હવે તેમને મળી જવાની શક્યતા છે. અન્નાદ્રમુકમાં ચાલી રહેલી લડાઈનો અંત આવી ગયા બાદ હવે તમિળનાડુમાં પણ એનડીએને એક શક્તિશાળી સાથી પક્ષ મળી ગયો છે. મર્જર બાદ પનીરસેલ્વમે પાર્ટીના કાર્યકરોને સંબોધન કર્યું હતું. પનીરસેલ્વમે કહ્યું હતું કે, અમ્મા અને અન્નાદ્રમુક માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. મર્જરની જાહેરાત થયા બાદ તમિળનાડુ પ્રધાનમંડળમાં વધુ ફેરફારના સંકેત પણ મળી રહ્યા છે.

## છુટછાટનો નિર્ણય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અગાઉ પ્રોસેસીંગ ફી માફી કરી હતી. કાર લોન ઉપર પ્રોસેસિંગ ફી એવા ગ્રાહકોને માફી મળશે જે ૩૧મી ડિસેમ્બર ૨૦૧૭ સુધી અરજી કરી શકશે. એટલે કે ૩૧મી ડિસેમ્બર ૨૦૧૭ સુધી કાર લોન ઉપર સમગ્ર પ્રોસેસિંગ ફી માફી રહેશે. આવી જ રીતે ૩૧મી ઓક્ટોબર ૨૦૧૭ સુધી પર્સનલ ગોલ્ડ લોન ઉપર અડધી પ્રોસેસિંગ ફી રહેશે. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૭ સુધી ગ્રાહક એક્સપ્રેસ ક્રેડિટ પર્સનલ લોન ઉપર પ્રોસેસિંગ ફીમાં ૫૦ ટકાની છુટછાટ મેળવી શકે છે. કંપનીએ આ જાહેરાત સેવિંગ્સ એકાઉન્ટમાં જમા કરવામાં આવેલી રકમ ઉપર વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યાના ત્રણ સપ્તાહ બાદ કરી છે. ત્યારબાદ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પણ વ્યાજદરમાં ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ